# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17-03-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1. વિધાનસભા ગૃહમાં આજે આદિજાતિ વિભાગની 5 હજાર 120 કરોડ રૂપિયાની અંદાજપત્રીય માંગણીઓ પસાર
2. અમદાવાદ-રાજકોટ રાષ્ટ્રીય ધોરીમાર્ગને છ માર્ગીય બનાવવા 3 હજાર 350 કરોડ રૂપિયાનો ખર્ચ કરાશે
3. રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં ગેરકાયદે ખનન, સંગ્રહ અને વહન અન્વયે 309 કરોડ રૂપિયાથી વધુની વસુલાત કરાઈ
4. ગેરકાયદે પ્રવેશેલી પાંચ બાંગ્લાદેશી મહિલા દેવભૂમિ દ્વારકા જિલ્લામાંથી ઝડપાઇ
5. ઉત્તર તથા ઉત્તર પૂર્વના પવનોને કારણે આગામી પાંચ દિવસ મહત્તમ તાપમાનમાં ઘટાડો થવાની આગાહી

-------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# VIDHANSABHA DEMANDS

વિધાનસભા ગૃહમાં આજે આદિજાતિ વિભાગની 5 હજાર 120 કરોડ રૂપિયાની અંદાજપત્રીય માંગણીઓ પસાર થઈ હતી. આદિજાતિ વિકાસ મંત્રી ડૉ. કુબેર ડિંડોરે આદિજાતિ વિભાગની માંગણીઓ રજૂ કરતા જણાવ્યું કે ગયા વર્ષના 4 હજાર 374 કરોડ રૂપિયાની સામે આગામી વર્ષમાં 746 કરોડ રૂપિયાનો વધારો મંજૂર કરાયો છે. જે વર્તમાન સરકારની આદિવાસી બંધુઓના વિકાસની ઈચ્છાશક્તિ દર્શાવે છે. આ બજેટ આદિજાતિ વિભાગના ઇતિહાસનું આજદિન સુધીનું સૌથી વધુ રકમનું બજેટ છે. તેમણે જણાવ્યું કે વનબંધુ કલ્યાણ યોજનામાં એક લાખ કરોડ રૂપિયાની રકમ ફાળવવાનો લક્ષ્યાંક હાંસલ થયો છે.

શ્રી ડીંડોરે ઉમેર્યું કે આ યોજના અંતર્ગત આદિવાસી કુટુંબોને ગુણવત્તાયુકત રોજગારી, પરિણામલક્ષી શિક્ષણ, વેગવંતો આર્થિક વિકાસ, પીવાનું ચોખ્ખું પાણી, સાર્વત્રિક વીજળીકરણ જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવીને આદિજાતિના સર્વાંગી વિકાસને રાજ્ય સરકારે અગ્રતા આપી છે. વર્ષ 2001 સુધીમાં આદિવાસીઓને માત્ર 28 હજાર 317 કૃષિ કૂવા વીજ જોડાણ સામે વર્ષ 2023 સુધીમાં 2 લાખ 69 હજાર 986 જોડાણ આપવામાં આવ્યા છે.

. . . . . . . . . . . . .

# VISHWAKARMA VIDHANSABHA

અમદાવાદ-રાજકોટ રાષ્ટ્રીય ધોરીમાર્ગને છ માર્ગીય કરવા માટે કુલ 3 હજાર 350 કરોડ રૂપિયાનો ખર્ચ કરાશે.

વિધાનસભામાં અમદાવાદ-રાજકોટ રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિશે મુખ્યમંત્રી વતી વિગતો આપતા સહકાર રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું કે આ રાષ્ટ્રીય ધોરીમાર્ગના છ માર્ગીયકરણથી મુસાફરી સમયમાં અંદાજે 30 થી 45 મિનિટ તેમજ વાહનોના ઇંધણમાં 10 થી 15 ટકા સુધી બચત થશે. તેમણે જણાવ્યું કે કુલ 201 કિલોમીટર લાંબા આ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પૈકી પ્રથમ તબક્કામાં 193 કિલોમીટર એટલે કે 98 ટકા કામગીરી પૂર્ણ કરાઇ છે.

અમદાવાદ-રાજકોટ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર કુલ 38 ફલાયઓવર-અન્ડરપાસના સ્ટ્રકચરની કામગીરીનો સમાવેશ કરાયો છે, જે પૈકી 34 ફલાયઓવર-અન્ડરપાસ સ્ટ્રકચરની કામગીરી પૂર્ણ થઈ છે તેમજ 4 સ્ટ્રકચરની કામગીરી પ્રગતિમાં છે. આ રાષ્ટ્રીય ધોરીમાર્ગને છ માર્ગીયકરણ કરતા વારંવાર અકસ્માત થતા હોય તેવા સ્થળે છેલ્લા ત્રણ વર્ષના સરેરાશ અકસ્માતમાં આશરે 41 ટકાનો ઘટાડો થયો છે.

. . . . . . . . . . . . . .

# VIDHANSABHA QUESTIONNAIRE

ઉદ્યોગ મંત્રી બળવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું, છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં ગેરકાયદે ખનન, સંગ્રહ અને વહન અન્વયે 17 હજાર 695 કેસ કરી 309 કરોડ 25 લાખ રૂપિયાની વસુલાત કરાઈ છે.

વિધાનસભામાં એક પ્રશ્નના જવાબમાં શ્રી રાજપૂતે ઉમેર્યું કે, છેલ્લાં એક વર્ષમાં મહિસાગર અને પંચમહાલ જિલ્લામાં કુલ 779 કેસમાં 8 કરોડ 16 લાખ રૂપિયાથી વધુની નોટીસ ઇસ્યુ કરાઇ છે. જેમાં મહિસાગર જિલ્લામાં 154 કેસ કરી

2 કરોડ 29 લાખ રૂપિયાથી વધુની તથા પંચમહાલ જિલ્લામાં કુલ 625 કેસ કરી 5 કરોડ 75 લાખ રૂપિયાથી વધુની નોટીસ આપવામાં આવી છે.

ગૃહમાં અન્ય એક પ્રશ્નના જવાબમાં શ્રી રાજપૂતે જણાવ્યું કે સુરેન્દ્રનગર જિલ્લામાં અંદાજે 78 હેકટર વિસ્તારમાં કાર્બોસેલ ખનીજની ૩૦ લીઝ કાર્યરત છે. જેનાથી છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને 7 કરોડ 79 લાખ રૂપિયાથી વધુની રોયલ્ટીની આવક થઈ છે. આ ૩૦ લીઝમાંથી છેલ્લા બે વર્ષમાં ગેરકાયદે ખનન અંગે કુલ પાંચ કેસ નોંધાયા છે. આ મંજૂર થયેલી લીઝમાં એક પણ વ્યક્તિનું મૃત્યુ થયું નથી.

. . . . . . . . . . . . .

# CM SURAT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વૃક્ષારોપણ, પાણી અને વીજળીની બચતને દેશ સેવા ગણાવી 0છે. સુરત જિલ્લાના ડિંડોલીમાં શ્રી ઉમિયામાતાજી મંદિર ખાતે ઉમાપુરમ દશાબ્દી મહોત્સવમાં શ્રી પટેલે જણાવ્યું કે સ્વચ્છતા માટે સુરત ઉદાહરણ રૂપ બન્યું છે.

(બાઇટ: ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

. . . . . . . . . . . . .

# GANGA SWARUPA

ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજનાના બજેટમાં 3 હજાર 15 કરોડ રૂપિયાની જોગવાઈ કરાઇ છે. જે ગયા વર્ષની સરખામણીએ 700 કરોડ રૂપિયા વધુ છે. આ યોજના હેઠળ વર્ષ2024-25માં 16 લાખથી વધુ મહિલાઓને 2 હજાર 100 કરોડ રૂપિયાથી વધુની આર્થિક સહાય ચૂકવાઈ છે.

ઉલ્લેખનીય છે કે રાજ્ય સરકાર દ્વારા વર્ષ 2019માં આ યોજના હેઠળ વિધવા મહિલાઓને આપવામાં આવતી માસિક આર્થિક સહાય વધારીને 1 હજાર 250 રૂપિયા કરવામાં આવી હતી, તેમજ આ રકમ લાભાર્થી મહિલાઓને ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર દ્વારા આપવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

. . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગા મ્યુઝિક)

....................................

## HARSH SANGHVI MEET

ગૃહરાજ્ય મંત્રીએ હર્ષ સંઘવી વિડીયો કોન્ફરન્સિંગથી કાયદો અને વ્યવસ્થા અંગે સમીક્ષા બેઠક યોજી હતી. આ બેઠકમાં પોલીસના 100 કલાકના એક્શન પ્લાનની કાર્યવાહી અંગે ચર્ચા કરાઇ હતી. આ બેઠકમાં ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ એમ.કે.દાસ, રાજ્ય પોલીસ વડા વિકાસ સહાય, તમામ પોલીસ કમિશનર રેન્જ IG અને જિલ્લા પોલીસ વડા જોડાયા હતા.

. . . . . . . . . . . . .

# DWARKA BANGLADESHI WOMEN ARRESTED

દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસે જિલ્લામાં ગેરકાયદે ઘૂસેલી પાંચ બાંગ્લાદેશી મહિલાને પકડી પાડી છે.. દ્વારકાના રૂક્ષ્મણી મંદિર પાછળના વિસ્તારમાંથી શંકાસ્પદ રીતે વાતચીત કરતી તેમજ ચેહરા છુપાવી ફરતી પાંચ મહિલાઓને શંકાના આધારે ઝડપી લેવાઇ હતી. આ મહિલાઓ બાંગ્લાદેશી એજન્ટને રૂપિયા 25 હજાર ચૂકવી અને સમુદ્રના માર્ગે ભારતમાં ઘૂસી હોવાનો ઘટસ્ફોટ થયો હતો. દેવભૂમિ દ્વારકા જિલ્લાના પોલીસ અધિક્ષક નિતેશ પાંડેએ જણાવ્યું હતું કે, પાંચેય મહિલાઓ પાસે બાંગ્લાદેશી આઇકાર્ડ તેમજ મોબાઈલ નંબર મળી આવ્યાં હતાં.

(બાઈટ : નિતેશ પાંડે, sp દેવભૂમિ દ્વારકા)

. . . . . . . . . . . . .

# RAJYASABHA FISHERMEN

રાજ્યસભાના સાંસદ પરિમલ નથવાણીના પ્રશ્નના જવાબમાં વિદેશ રાજ્યમંત્રી કિર્તીવર્ધનસિંહે જણાવ્યું કે આજ સુધી 194 ભારતીય માછીમારો પાકિસ્તાનની જેલમાં કેદ છે, જેમાંના 123 ગુજરાતના છે. આ 123 માછીમારોમાંથી 33 માછીમાર વર્ષ 2021થી, 68 માછીમારો 2022થી પાકિસ્તાની જેલમાં કેદ છે. જ્યારે ગુજરાતના નવ માછીમારોને વર્ષ 2023માં અને 13ને વર્ષ 2024માં પાકિસ્તાની સત્તાવાળાઓએ કેદ કર્યા હતા.

. . . . . . . . . . . . . .

# HEALTH WORKER STRIKE

ગુજરાત રાજ્ય આરોગ્ય કર્મચારી મહાસંઘ દ્વારા અચોક્કસ મુદતની હડતાળ કરવામાં આવી છે.. પડતર પ્રશ્નનો નિકાલ કરવા તેમજ પગાર અને ખાતાકીય પરીક્ષા રદ કરવા સહિતની માંગણીઓને લઇને આ હડતાળ કરાઇ હતી..

બનાસકાંઠાના અમારા પ્રતિનિધિ સવજી ચૌધરી જણાવે છે કે આ હડતાળમાં જીલ્લાના એક હજાર ચારસો જેટલા આરોગ્ય કર્મીઓ હડતાળમાં જોડાયા હતાં.

પાટણના અમારા પ્રતિનિધિ રમેશ સોલંકીએ માહિતી આપી હતી કે પાટણ જિલ્લાના ગ્રામ્ય ક્ષેત્રે  કાર્યરત તમામ 52 જેટલા પીએચસીમા ફરજ બજાવતા વિવિધ ચાર કેડરના 600 ઉપરાંત કર્મચારીઓ આંદોલનમાં જોડયા હતા.

આ ઉપરાંત નર્મદા, મહિસાગર, વલસાડ સહિતના અન્ય જીલ્લાઓમાં પણ આંદોલન કરવામાં આવ્યું હતું.

. . . . . . . . . . . . . .

## KUTCH LIGHTENING

કચ્છ જિલ્લાના રણકાંધી વિસ્તારના કેટલાંક ગામડાંઓમાં એક વિશિષ્ટ ખગોળીય ઘટના નોંધાઈ છે. કચ્છના આકાશમાં વહેલી સવારે 3 વાગીને 12 મીનીટે અચાનક તેજસ્વી પ્રકાશ પૂંજ જોવા મળ્યો હતો. કેટલીક ક્ષણો માટે દિવસ ઊગી નીકળ્યો હોય તેવું દ્રશ્ય સર્જાયું હતું. આ ઘટના વિવિધ સીસીટીવી કેમેરાઓમાં પણ કેદ થઈ હતી.

જાણીતા ખગોળશાસ્ત્રી નરેન્દ્ર ગોરે આકાશવાણીને જણાવ્યું કે, ઉલ્કાનો મોટો ટુકડો પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશતા સળગ્યો હોવાનું અને આ દરમ્યાન તેના બે ટુકડા થયા હોવાનું જણાય છે.

**(બાઈટ.. નરેન્દ્ર ગોર, ખગોળશાસ્ત્રી)**

. . . . . . . . . . . . . .

## FEMALE SPORTS CASH AWARD APPLICATION

મહિલા રોકડ પુરસ્કાર યોજના માટે મહિલા ખેલાડીઓ આવતીકાલથી ઓન લાઇન અરજી કરી શકશે. વિવિધ રમતોની રાજયકક્ષાની શાળાકીય સ્પર્ધાઓમાં અંડર ૧૪, ૧૭, ૧૯ વયજૂથમાં ભાગ લેનાર મહિલા ખેલાડી તેમજ સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા યોજાયેલી રાષ્ટ્રીયકક્ષાની સ્પર્ધામાં રાજયનું

પ્રતિનિધિત્વ કરનાર મહિલા ખેલાડીઓ આ પુરસ્કાર માટે અરજી કરી શકશે. કોઈ પણ એક જ રમતમાં તેમજ એક જ સિદ્ધિ માટે 'મહિલા રોકડ પુરસ્કાર યોજના' માટેનું ફોર્મ ભરી શકાશે.

પાત્રતા ધરાવતા મહિલા ખેલાડીઓએ ઓથોરીટી ઓફ ગુજરાતની વેબસાઈટ પર આવતીકાલથી 17 એપ્રિલ દરમિયાન અરજી કરવાની રહેશે.

. . . . . . . . . . . . .

# WEATHER

ઉત્તર તથા ઉત્તર પૂર્વના પવનોને કારણે આગામી પાંચ દિવસ મહત્તમ તાપમાનમાં ઘટાડો યથાવત રહેશે. દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ ભેજયુક્ત પવનોને કારણે બફારાનો અનુભવ થઈ શકે છે, તેમ હવામાન વિભાગના નિયામક એ કે દાસે જણાવ્યું છે...

(બાઇટ: એ કે દાસ )

. . . . . . . . . . . . .